ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research E-Journal

# મહિલા કેળવણી: અવરોધો ઉપાયો અને ગુજરાતમાં થતું કાર્ય

**Dr. Madhubhai Hirpara**

Darbar Gopaldas shikshan Mahavidyalaya,

Aliyabada

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research E-Journal

**પ્રસ્તાવના:**

"“બહુ બલ ધારિણી નમામિ તારિણી

રિપુદલ વારિણી માતરમ્, વંદે માતરમ્’” ૧ –

માતૃકુખે જન્મ લેનાર પૂર્ણ પુરૂષ કૃષ્ણે પણ ‘શસ્ય શ્યામલામ્ માતરમ્... કહીને માતૃવંદન કર્યા હશે, રામ હોય કે રામો ઘાટી, કૃષ્ણ હોય કે કરશન અંત્યજ સર્વેને માનું ચર' જ શાંતિ આપે છે. જે શાતા આપે તેજ માતા. મહિલા શકિત જ છે. ફકત તેનું પ્રગતિકરણ થાય તેજ વર્તમાન સમયની માંગ છે તે વામણી, બાપડી, બિચારી કે અબળા નથી પણ વિરાટ, શકિતશાળી, પાલનહાર અને સબળા છે. આજે સ્ત્રી શકિતનો હ્રાસ થઈ રહ્યો છે ત્યારે મહિલા સશક્તિકરણ ખૂબ જરૂરી બની ગયું છે.

વેદકાળથી અત્યાર સુધી વિવિધ નારી રત્નોથી ‘બહુરત્ના વસુંધરા’ વાંઝણી નહીં પણ ચમકતી રહી છે, ગાર્ગી, બ્રહ્મવાદિની વાચોગીની ચૂડાલા યોગવાશિષ્ઠની વગેરે શકિતઓ પ્રાત: સ્મરણીય છે.

અહલ્યા, દ્રોપદી, સીતા, તારા મંદોદરી તથા

પંચ્ચેતા સમરેન્નિત્ય મહાપાતકનાશિની ||

મધ્યકાલીન વિરાંગનાઓમાં રૂપમતિ, પદ્મીની, નાગબાઈ, તોરલ, જીજીબાઈ વગેરે નારી રત્નોના નામોથી અને કામોથી આપણે પરિચિત છીએ, સર્જનહારે નારી હૃદયને ‘વજ્રાદપિ કઠોરાણિ મૃદુનિ કુસુમાદપિ’ - કહીને કઠોર અને મૃદુનોસંગમ સર્જયો છે, દેવાએ પણ અસૂરોથી ડરીને જગતજનની

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research E-Journal

જગદંબાનો આશ્રય લીધો હતો અને આ શક્તિએ પોતાના કઠોર હૃદયથી આસુરી વૃતિનું નિકંદન કાઢીને દેવોને અભય પ્રદાન કર્યું હતું તેથી જ મનુએ કહ્યું,

યત્ર નાર્યસ્તુ પૂજયન્તે રમન્તે તત્ર દેવતા: ।।[3]

સાંપ્રતકાળમાં આવી શકિતની અવગણના થઈ રહી છે, ત્યારે તેમાં શિક્ષણનો અભાવ એ મુખ્ય પરિબળ છે, મહિલાઓને શિક્ષણ લઈ સશકત કરવામાં ઘણા અવરોધો નડે છે, શું આ અવરોધો દૂર ન થઈ શકે ? તેના ઉપાયો શું હોઈ શકે ? આપણા ગુજરાત રાજયમાં તે માટે કેવા પ્રયત્નો થયા છે, તેની વાત આ લઘુ શોધપત્રમાં નિરૂપવામાં આવેલ છે.

## મહિલા કેળવણીના અવરોધક પરિબળો:

કન્યાઓના શિક્ષણમાં મુખ્યત્વે આડે આવે તેવી બાબત છે સમાજના લોકોનું રૂઢિચુસ્ત વલણ. લોકો હજુ માને છે કે તેમની કન્યાઓ શિક્ષણ મેળવવા શાળા-કોલેજોમાં જાય તો ચારિત્ર્ય માટે કેટલાંક ભયસ્થાનો ઉભા થાય છે. ઉપરાંત, તે કદાચ સ્વતંત્ર મિજાજની બની જાય. આમ, આપણું રૂઢિચુસ્ત સામાજિક માળખું કન્યાકેળવણીની આડે આવે છે. ગ્રામ્ય વિસ્તારોમાં અને અમુક સામજિક પછાતવર્ગોમાં પણ આ રૂઢિચુસ્ત વલણની માત્રા વધુ છે. અભ્યાસના અને વિષયોમાં પણ રૂઢિચુસ્ત વલણ જોવા મળે છે. દાત., છોકરીઓ ગૃહવિજ્ઞાન, સંગીત, નાટ્ય, ચિત્ર જેવા વિષયયોમાં સારો ન્યાય આપીશકે અને નર્સ કે શિક્ષિકાના વ્યવસાય તેને માટે વધુ યોગ્ય ગણાય.

જોકે આ પ્રકારની રૂઢિચુસ્ત માન્યતાઓમાં હવે ફેરફાર થવા માંડ્યો છે.

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org

An International Multidisciplinary Research E-Journal

- બાળલગ્નો હજુ પણ થાય છે. બાળલગ્નોને કારણે ઘણાં માતા-પિતા કન્યાને શિક્ષણ આપવાની તરફેણ કરતાં નથી.
- છોકરીને 'પરાયું ધન' કે 'પારકી થાપણ' માનવામાં આવે છે. આને કારણે છોકરાની સરખામણીમાં તતને ઓછું શિક્ષણ આપવામાં આવે છે. છોકરીને પરણીને સાસરે જવાનું હોવાથી તે ઘરના નાના મોટા કામોમાં કુશળતા પ્રાપ્ત કરે તે બાબતે સમાજના લોકો વિશેષ ધ્યાન આપે છે. ટૂંકમાં, કન્યાઓને નાની ઉંમરથી જ કૌટુંબિક જવાબદારીનું પ્રમાણ વિશેષ હોવાથી તે અભ્યાસમાં પૂરતો સમય ફાળવી શકતી નથી.
- મોટા ભાગની શાળાઓ મિશ્ર શાળાઓ હોય છે. મિશ્રશાળાઓમાં કન્યાઓને મોકલવાનું સમાજના ચોક્કસ વર્ગના લોકો પસંદ કરતા નથી.
- છોકરાઓ અને છોકરીઓ માટેના અભ્યાસક્રમો પણ એક જ પ્રકારના હોય છે. છોકરીઓ માટે અનુકુળ વ્યવસાય-શિક્ષણનો અભાવ જોવા મળે છે.
- નિરક્ષરતાને કારણે કન્યા કેળવણી અંગે એક પ્રકારની જાગૃતિ સમાજમાં દેખાતી નથી. શિક્ષણ તો રોજીરોટી માટે જ હોય અને છોકરીઓને તો નોકરી કરવાની નથી. આવો ખ્યાલ નિરક્ષરતા સાથે ગાઢ રીતે સંકળાયેલો છે. કહેવાતા સાક્ષર સમાજમાં આ ખ્યાલ જોવા મળે છે. આમ, નિરક્ષરતા પણ કન્યા કેળવણીની આડે આવે છે.
- કન્યાકેળવણી આડે આવતું એક પરિબળ ગરીબી પણ છે. ગરીબ વાલીઓ કન્યાની કેળવણી માટે પૂરતો ખર્ચ કરી શકતા નથી. શિક્ષણ પણ ખર્ચાળ બન્યું છે. કેટલીક જગ્યાએ માધ્યમિક આ પ્રકારના શિક્ષણ માટે વાલીઓ કન્યાઓને પોતાના ગામની બહાર મોકલતા નથી. આમ કરવું તેમના માટે જોખમકારક માનવામાં આવે છે.

- કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં કન્યાઓ ખેતીવાડીના કામમાં મદદ કરે છે અથવા પોતાનાં નાનાં ભાઇ- બહેનની દેખભાળ રાખે છે. આ કારણે તેઓ શાળામાં જઇ શકતી નથી.
- આપણી શાળા અને મહાશાળાઓના સમય પણ કન્યાઓને શિક્ષણ માટે અનુકૂળ આવતા નથી. કન્યાઓ માટેનાં છાત્રાલયોનો અભાવ પણ કન્યાકેળવણીની આડે આવતું એક પરિબળ છે.

ટૂંકમાં, રૂઢિગત માન્યતાઓ, બાળલગ્નો, યોગ્ય અભ્યાસક્રમનો અભાવ, ગરીબી, નિરક્ષરતા, કન્યાકેળવણી માટે જાગૃતિનો અભાવ, ખર્ચાળ શિક્ષણ, પોતાના વિસ્તારમાં જરૂરી શિક્ષણવ્યવસ્થાનો અભાવ જેવાં પરિબળોને કારણે કન્યાઓ માટે સમાન શૈક્ષણિક તકનું નિર્માણ થઇ શકયું નથી. હવે કન્યાઓ માટે શિક્ષણની તમામ તકો પૂરી પાડવા શું કરી શકાય તે વિચારીએ:

## કન્યાઓને શિક્ષણની સમાન તક મળે તે માટેના ઉપાયો

- સૌપ્રથમ તો કન્યાકેળવણી માટે એક રાષ્ટ્રીય ઝુંબેશ શરૂ કરવી જોઇએ. લોકોને કન્યા કેળવણીનું મહત્ત્વ સમજાય એ માટે લોકો જાગૃત થાય તેવી યોજનાઓ તૈયાર કરવી જોઇએ. જે કન્યાઓ ભણીગણીને ઉચ્ચ સ્થાને પણ પહોંચી છે તેમના ઉદાહરણો આપી પ્રચાર માધ્યમોએ આ પ્રકારની ઝુંબેશમાં સહકાર આપવો જોઇએ. લોકો રૂઢિગત માન્યતાઓ અને વલણમાંથી બહાર નીકળે તે માટે સમૂહ માધ્યમોએ યોગ્ય કાર્યક્રમો રજૂ કરવા જોઇએ.
- કન્યાઓ માટે ફી નાબૂદ કરવી જોઇએ. ગુજરાત રાજ્યમાં તો કન્યાકેળવણી પ્રાથમિક કક્ષાથી ઉચ્ચ શિક્ષણ સુધી નિઃશૂલ્ક કરવામાં આવેલ છે. તેમની ફી લેવામાં આવતી નથી.

- માધ્યમિક કક્ષાએ કન્યાઓ માટે બને તેટલી અલગ સંસ્થાઓ ઉભી કરવી જોઇએ. હાલની માધ્યમિક શાળાઓમાં શિક્ષિકાઓનું પ્રમાણ પણ વધારવું જોઇએ. માધ્યમિક કક્ષાએ કન્યાઓને અનુકુળ પાકશાસ્ત્ર, સીવણ, ભરતગૂંથણ, ગૃહ વિજ્ઞાન જેવા ઉપયોગી અભ્યાસક્રમો પર ભાર મૂકવો જોઇએ.
- લગ્ન વિષયક કાયદાઓ અમલમાં હોવા છતાં કેટલીક જ્ઞાતિઓમાં છોકરીઓનાં લગ્ન નાની ઉંમરે થઇ જાય છે, જે કન્યાકેળવણી માટે અવરોધક બને છે. આવી જ્ઞાતિઓમાં સામાજિક જાગૃતિ લાવી આવા લગ્નો અટકાવી શકાય.
- કન્યા વિદ્યાલયોની સાથે છાત્રાલયોની વ્યવસ્થા કરવી જોઇએ. પછાતવર્ગની કન્યાઓના શિક્ષણ માટે આદિવાસી વિસ્તારોમાં આશ્રમશાળાઓની સ્થાપના કરવી જોઇએ. આવી શાળાઓમાં સરકારે કન્યાકેળવણીનો સંપૂર્ણ ખર્ચ ભોગવી લેવો જોઇએ. (ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં આવી અનેક આશ્રમ શાળાઓની આવેલી છે.)
- રાજ્યકક્ષાએ અને કેન્દ્રમાં કન્યાઓના શિક્ષણના પ્રશ્નો ક્ષમતાપૂર્વક સાંભળી તેનો ઉકેલ લાવે તેવા વહીવટી તંત્રની રચના કરવી જોઇએ.
- હાલમાં જે મહિલા સંગઠનો અસ્તિત્વ ધરાવે છે તેમણે કન્યાકેળવણીની ઝુંબેશને તેમના કાર્યક્રમોમાં આગવું સ્થાન આપવું જોઇએ. સમાજના લોકોને કન્યાકેળવણી અંગે જાગ્રત કરવાનું કાર્ય પણ આવા સંગઠનો હાથ પર લઇ શકે.
- કન્યાઓ માટે પુસ્તકબેંકની જોગવાઇ કરવી જોઇએ. શિક્ષણપંચે (૧૯૬૪-૬૬) પણ માધ્યમિક શાળાઓમાં બેંકનો કાર્યક્રમ હાથ ધરવાનું સૂચવ્યું હતું. આ ઉપરાંત આર્થિક રીતે પછાત

કન્યાઓને આર્થિક સહાય આપવી જોઇએ. તેજસ્વી કન્યાઓ માટે વિશેષ શિષ્યવૃત્તિની જોગવાઇ કરવી જોઇએ.

- રાષ્ટ્રીય શિક્ષણ નિતિ-૧૯૮૬ના સૂચનને પગલે રાષ્ટ્રીય ખુલ્લી શાળા (National Open School - NOS) ની શરૂઆત ૧૯૯૫ થી ગુજરાતમાં પણ થઇ છે. શિક્ષણનું સાર્વત્રીકરણ, સામાજિક ન્યાય અને સમાનતા માટે આ પ્રકારની શાળાઓ શરૂ કરવામાં આવેલ છે. જે વિસ્તારમાં માધ્યમિક શાળાઓની સગવડ નથી તેમણે આ શાળાઓમાં દાખલ થઇ શિક્ષણ આગળ વધારવું જોઇએ. તે જ પ્રમાણે જે કન્યાઓએ તેમનો અભ્યાસ અધવચ્ચેથી છોડી દીધો હોય તેઓ પણ આ પ્રકારની શાળાઓમાં દાખલ થઇ વધુ અભ્યાસ કરી શકે. ઉચ્ચ શિક્ષણ માટે પણ ખુલ્લી વિશ્ર્વવિદ્યાલય રાષ્ટ્રીય કક્ષાએ (Indira Gandhi National Open University - IGNOU) અને રાજ્ય કક્ષાએ (ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ) શરૂ થયેલ છે. ઉચ્ચ શિક્ષણમાં રસ ધરાવનાર મહિલાઓએ આ યુનિવર્સિટીઓનો લાભ લેવો જોઇએ.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૧૯૮૬માં સ્ત્રીઓને સમાનતા માટે શિક્ષણ માટે નીચે પ્રમાણે ભલામણ કરવામાં આવેલ છે.

સ્ત્રી-શિણમાં ઊભા થતા અવરોધો દૂર કરવામાં આવશે અને અભ્યાસનાં વર્ષો દરમિયાન સ્ત્રીઓના શાળામાં સ્થાયીકરણ પર ખાસ ધ્યાન આપવામાં આવશે. શિક્ષણ માટે મહિલાઓને અનુકૂળ સમય તેમજ ભણેલી મહિલાઓને માટે નોકરીની ખાસ તકો આપવામાં આવશે. મહિલાઓને ધંધાકીય, વ્યાવસાયિક અને તકનિકી શિક્ષણ તરફ વાળીને ચીલાચાલુ વ્યવસાયો ઉપરાંત અન્ય વ્યવસાયોમાં અત્યારના કે હવે પછીનાં વિકાસતાં તકનિકી ક્ષેત્રોમાં પણ જાતિભેદને ધ્યાનમાં લીધા સિવાય ભાગીદાર બનાવવામાં આવશે.

અમલીકરણ કાર્યક્રમ (Programme Action, POA, 1986) માં પણ મહિલાઓની સમાનતા માટેના શિક્ષણ માટે નીતિ વિષયક માર્ગદર્શક સિદ્ધાંતો અને વ્યૂહરચનાઓ નકકી કરવામાં આવેલ છે. તે મુજબ ૧૯૯૫ સુધીમાં દરેક શૈક્ષણિક સંસ્થાએ એવા સક્રિય કાર્યક્રમો હાથ ધરવા પડશે કે જે મહિલા વિકાસલક્ષી હોય અને મહિલાઓની પરિસ્થિતિ વિશે સભાનતા ઉત્પન્ન કરનાર હોય. આ ઉપરાંત શાળાકક્ષા સુધીમાં શિક્ષકોની ભરતીમાં મહિલાઓને પ્રથમ પસંદગી અપાશે.

ટૂંકમાં મહિલાઓને શિક્ષણની સમાન તકો પૂરી પાડવા માટે જાગૃતિ અભિયાન, ફી નાબૂદી, છોકરીઓ માટે અલગ શાળાઓ, છાત્રાલયો, આશ્રમ શાળાઓ, પુસ્તક બેંક યોજના, આર્થિક સહાય, શિષ્યવૃત્તિ તથા ખુલ્લી શાળામાં પ્રવેશ જેવી યોજના પર ભાર મૂકવો જોઇએ.

## મહિલા સશક્તિકરણ અંગે ગુજરાતમાં થતું પ્રવર્તમાન કાર્ય:

ગુજરાતની કુલ વસ્તીના ૫૦% જેટલો હિસ્સો ધરાવતી મહિલાનું ધારાસભામાં માત્ર ૧૦% થી ૧૨% જેટલું જ પ્રમાણ છે, ભૂતકાળમાં આ પ્રમાણ આથી પણ ઓછું હતું, સંચાલકીય, વહીવટી નોકરીઓમાં ૨.૧ ટકા, ગૃહ ઉદ્યોગોમાં ૩૬ ટકા, ઉદ્યોગમાં ૧૨ ટકા જેટલું છે, સાક્ષરતા દર ૨૦૦૧માં ૬૪.૮ ટકા જેટલો હતો. વર્તમાન સમયમાં આ બધી જ ટકાવારી વધે તે માટે ગુજરાતમાં ઘણું સુંદર કાર્ય થઈ રહ્યું છે, જેનો ચિતાર આ પ્રમાણે આપી શકાય.

- ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં મહિલાઓને સ્થાન આપવા માટે 33% અનામતની જોગવાઈ કરવામાં આવી છે.
- ગુજરાતમાં સાક્ષરતાનું પ્રમાણ વધારવા સરકારે 'વિદ્યાલક્ષી બૉન્ડ' અને 'વિદ્યાદીપ' જેવી પરિણામલક્ષી યોજનાઓ અમલમાં મૂકી છે.

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research E-Journal

- ગુજરાત 'મહિલા આર્થિક વિકાસ નિગમ' સ્થાપવાાં આવ્યું છે, આ નિગમ દ્વારા મહિલાઓના આર્થિક વિકાસ માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકાઈ છે.
- જૂન ૧૯૭૯થી રાજ્યમાં નિરાધાર મહિલાઓના પુન: સ્થાપન માટેની નાણાકીય સહાય યોજના અમલમાં મૂકવામાં આવી છે.
- મહિલાઓને સમાન મોભો મળે, તેમનામાં જાગૃતિ આવે, તેમનો આર્થિક વિકાસ થાય, તેમને કાયદાથી રક્ષણ અને હક્કો પ્રાપ્ત થાય તે માટે ગુજરાત સરકારે અનેક યોજનાઓ અમલમાં મૂકી છે, મહિલા વિકાસ યોજનાઓને કાર્યાન્વિત કરવાના હેતુથી ઓક્ટોબર ૧૯૮૮ થી સરકારે 'કમિશ્નર, મહિલા અને બાળવિકાસ કચેરી' ખોલી છે. ભારત સરકાર અને રાજ્ય સરકારની કેટલીક મહત્ત્વપૂર્ણ યોજનાઓનો અમલ આ કચેરી દ્વારા કરવામાં આવે છે.
- ઈ.સ.૧૯૭૫માં આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષની ઉજવણીના ફળસ્વરૂપે મહિલાઓ ઉપર થતા અત્યાચારો રોકવા માટે એપ્રિલ ૧૯૮૭માં ગુજરાત સરકારે 'મહિલા અત્યાચાર નિવારણ સમિતિ'ની સ્થાપના કરી હતી એ પછી આ સમિતિનું નામકરણ 'રાજ્ય મહિલા સુરક્ષા સમિતિ' રાખવામાં આવ્યું છે.

ગુજરાતમાં દર વર્ષે ૮મી માર્ચને 'આંતરરાષ્ટ્રીય મહિલા દિન' તરીકે ઉજવવામાં આવે છે.

## * ઉપસંહાર:

સ્ત્રીઓ મહિલા સશકિતકરણનું કેન્દ્રબિંદુ છે, એક સ્ત્રી શિક્ષિત, સક્ષમ અને આત્મનિર્ભર બનેતો એક કુટુંબ, એક સમાજ અને એક રાજ્ય તથા અંતે એક રાષ્ટ્ર શિક્ષિત અને સશકત બને, 'એક માતા સો શિક્ષકની ગરજ સારે છે" એ કહેવત સાર્થક બને. સાંપ્રત સમયમાં સ્ત્રીઓને અનુભવવી પડતી ગરીબી,

અજ્ઞાન, કુપોષણ, ઘરકામનો બોજો, આરોગ્યની, બાળકોના ઉછેરની, આર્થિક, સામજિક વગેરે સમસ્યાઓ દૂર થાય તે માટે શિક્ષણ અનિવાર્ય છે. ભારતમાં સ્ત્રીઓએ ઘણા દરજ્જાએ ચઢાવ- ઉતાર જોયા છે, વેદ સમયમાં સ્ત્રીઓ અને પુરુષોને સમાન સ્થાન આપવામાં આવતું હતું. સ્ત્રીઓ ધાર્મિક ક્રિયાકાંડ અને યજ્ઞો કરતી હતી, આ ઉપરાંત ધર્મના રક્ષણ માટે પુરુષોની સમાવડી હતી, યુધ્ધમાં પણ ભાગ લેતી, ઉત્સવોમાં ભાગ લેતી, આ દરજ્જો કાળક્રમે પુરુષોની તુલનામાં ઉતરતો રહ્યો છે, સ્ત્રીઓને તેમના સમગ્ર જીવન દરમ્યાન પુરુષોના અંકુશમાં રહેવાનું થયું, બાલ્યાવસ્થામાં પિતાની છત્રછાંયા, પરિણીત જીવનમાં પતિના નિયંત્રણમાં અને વૃધ્ધાવસ્થામાં પુત્રોના આશય નીચે જીવવાનું હતું. સાંસ્કૃતિક પરંપરાઓ પુરુષોના હિતને નજર લગ્નજીવનની અને કુટુંબ જીવનની બધી સામાજિક પળલગ્નો, દહેજ, વિધવાઓના પૂન: લગ્ન પર સમક્ષ રાખીને રચાયેલી હતી. સદીઓથી

22 પ્રતિબંધ જેવા અનિષ્ટો ચાલ્યા આવે છે. આ બધી બદીઓ ૨૦મી સદીના અંતે સુધારા પર લાવી શકાય છે. ૨૧મી સદી શરૂ થઈ ગઈ છે અને મક્કમતાપૂર્વક આજે કન્યા શિક્ષણનો વ્યાપ વધ્યો છે. મહિલાઓને સમાજ શિક્ષણ, સમાન કાયદો, અનામતનો લાભ અને પ્રોત્સાહન મળ્યા છે, તેથી સંતોષપ્રદ પરિસ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. અંતે કહેવું પડશે કે,

નમો દેવ્યે, મહાદેવ્યે, શિવાગ્યે સતતં નમ: ।

નમ: પ્રકૃત્ય ભદ્રાયે નિયતા પ્રણ તા સ્મતામ્ ॥

## સંદર્ભસૂચિ:

૧. શાંતિલાલ જાની: ભારતના નારી રત્નો, પ્રવીણ પ્રકાશન, રાજકોટ ૧૯૮૭ (પ્રથમ આવૃત્તિ)

૨. 'પ્રાર્થના પ્રીતિ', સદ્વિચાર દર્શન, ટ્રસ્ટ, મુંબઈ.

૩. 'મનુસ્મૃત્તિ', સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય - અમદાવાદ - અધ્યાય-૩.

૪. શાસ્ત્રી જયેન્દ્ર દવે, મોતીભાઈ પટેલ અને અન્ય: શિક્ષણની તાત્ત્વિક, સમાજ શાસ્ત્રીય આધારશિલાઓ - મેસર્સ બી.એસ. શાહ પ્રકાશન, અમદાવાદ-૧, ૨૦૦૬-૦૭ (ચોથી સંવર્ધિત આવૃત્તિ) પૃષ્ઠ ૮૫ થી ૮૮.

૫. સામાજિક વિજ્ઞાન ધો.૧૦, ગુજરાત રાજ્ય શાખા પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર.

૬. નિત્યપાવન સ્તોત્ર - પ્રાર્થના પ્રીતિ, સદ્વિચાર દર્શન ટ્રસ્ટ, મુંબઈ.

૭. વનિતા વિશ્રામ, શેઠ પી.ટી., મહિલા આર્ટસ એન્ડ હોમ સાયન્સ કોલેજ સુરત મુકામે તા.૨૨ તથા ૨૩ ફેબ્રુઆરી, ૨૦૦૭ ના રોજ યોજાયેલ સેમિનારમાં રજૂ કરાયેલ શોધપત્ર.